બોલિવૂડ-હોલિવૂડ

ડકોટા જોન્સન ફિફ્ટી સેડ્સ ડાર્કરના શુટિંગમાં :અહેવાલ

લોસએન્જલસ, સુપરસ્ટાર અભિનેત્રી અને ખુબસુરત ડકોટા જોન્સન હાલમાં કેનેડાના વોનકુવરમાં અમેરિકન ઈરોટિક રોમેન્ટિક ડ્રામ ફિલ્મ ફિફ્ટી સેડ્સ ઓફર ડાર્કર ફિલ્મમાં કામ કરી રહી છે. આ ફિલ્મનુ શુટિંગ હાલ ચાલી રહ્યુ છે. ફિલ્મમાં તેની સાથે જેમી ડોરનાન જ નજરે પડનાર છે. બન્નેની કેમિસ્ટ્રી ભારે ધુમ મચાવી રહી છે. હાલમાં વાનકુવરમાં ફિલ્મના રોમેન્ટિક સીનના શુટિંગ કરાઇ રહ્યા છે. આ ફિલ્મ નિર્ધારિત કાર્યક્રમ મુજબ ૧૦મી ફેબ્રુઆરી ૨૦૧૭ના દિવસે રજૂ કરવામાં આવનાર છે. ત્યારબાદ આ ફિલ્મની સિક્વલ પણ બનનાર છે. જેમાં આ બન્ને જ રહેશે. જે ફિલ્મ નવમી ફેરુઆરી ૨૦૧૮ના દિવસે રજૂ કરવામાં આવનાર છે. ડકોટા પાસે સૌથી વધારે ફિલ્મ હોવાથા તે વ્યસ્ત સ્ટાર પૈકી બની ગઇ છે. ફિફ્ટી સેડ ઓફ ગ્રે નામની ફિલ્મ મારફતે ફરી ચર્ચામાં આવેલી અમેરિકન અભિનેત્રી અને મોડલ ડકોટા જોન્સન તેની કેરિયરને વધુ રોમાંચક અને સફળ બનાવવા માટે તૈયાર થયેલી છે. તેની પાસે હાલમાં હાથમાં કેટલાક પ્રોજેક્ટ રહેલા છે. ફિફ્ટી સેડ્સ ઓફ ગ્રેમાં કામ કરવાની તક મળ્યા બાદ અમેરિકન ફેશન મોડલ અને અભિનેત્રીને કેટલાક નવા પ્રોજેક્ટ પણ હાથ લાગ્યા હતા. ઊભરતી અભિનેત્રી ડાકોટાનું કહેવું છે કે ૨૦૧૫માં ફિફ્ટી શેડ્સ ઓફ ગ્રેમાં તે એનાસસ્ટેશિયા સ્ટીલેની ભૂમિકામાં ડાકોટા નજરે પડી હતી. તેની ભૂમિકાથી તમામ લોકો પ્રભાવિત થયા હતા. ડાકોટા જોન્સન વર્ષ ૨૦૧૨-૧૩માં બેન એન્ડ કેટ નામની સિરીઝ મારફતે લોકપ્રિય થઈ હતી. ટેક્સાસના ઓસ્ટ્રીનમાં જન્મેલી જોન્સન લોકપ્રિય અભિનેતા ડોન જોન્સન અને અભિનેત્રી મેલાઈન ગ્રિફીકની પુત્રી છે જેથી તેમના પરિવારના સભ્યો ફિલ્મી કેરિયર સાથે જોડાયેલા રહ્યા છે. તે વર્ષ ૨૦૦૬માં મિસ ગોલ્ડન ગ્લોબ એવોર્ડ જીતવામાં સફળ રહી હતી. ગ્લોબના ઈતિહાસમાં તે પ્રથમ બીજી પેઢીની મિસ ગોલ્ડન ગ્લોબ રહી છે.

શ્રીદેવીની નવી ફિલ્મ પાકના કલાકાર હોવાથી ફસાઇ ગઇ

મુંબઇ, બોલિવુડની વિતેલા વર્ષોની સુપરસ્ટાર અભિનેત્રી શ્રીદેવી ફરી ફિલ્મમાં કામ કરવા જઇ રહી છે. તેની નવી ફિલ્મ જો કે પાકિસ્તાની કલાકારો હોવાના કારણે અટવાઇ પડી છે. ફિલ્મનુ શુટિંગ પૂર્ણ કરવામાં આવી રહ્યુ હતુ ત્યારે ઉરીમાં સેનાના કેમ્પ પર ત્રાસવાદી હુમલો થયો હતો. આ હુમલા બાદ ભારતીય સેનાએ પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીરમાં ત્રાસવાદી કેમ્પને ફુંકી મારવા હુમલા કર્યા હતા. જેના કારણે ભારત અને પાકિસ્તાન વચ્ચેના સંબંધ વિસ્ફોટક બની ગયા છે. સંબંધ વણસી જવાના કારણે પાકિસ્તાન કલાકારો પર પ્રતિબંધ મુકવાની માગ ઉઠી રહી છે. આવી સ્થિતીમાં આ ફિલ્મમાં બે પાકિસ્તાની કલાકારો કામ કરી રહ્યા હોવાથી ફિલ્મને રોકી દેવામાં આવી છે. રવિ ઉદયવારના નિર્દેશન હેઠળ આ ફિલ્મ બની રહી છે. જેમાં પાકિસ્તાની કલાકારો અદનાન સિદ્ધીકી અને સેજલ અલી કામ કરી રહ્યા છે. શ્રીદેવીના પતિ અને પુત્રીની ભૂમિકા અદા કરનાર છે. દિલ્હીમાં ફિલ્મનુ શુટિંગ શરૂ કરવામાં આવ્યુ હતુ. મોમ નામની ફિલ્મને લઈને તમામ કામ પૂર્ણ કરવામાં આવ્યુ છે. હવે ફિલ્મ અટવાઇ ગઇ છે. શ્રીદેવી ફરી એકવાર સિલ્વર સ્ક્રીન પર નજરે પડવા માટે તૈયાર છે.

શ્રીદેવી અન્ય એક ફિલ્મ પણ કરી રહી છે. શ્રીદેવી નવી ફિલ્મમાં નવાઝુદ્દીન સિદ્ધીકી કામ કરનાર છે. નવાઝુદ્દીનને મોટી ફિલ્મ મળી હોવાના અહેવાલ મળી રહ્યા છે. અલબત્ત આ ફિલ્મ મહિલાપ્રધાન છે પરંતુ નવાઝુદ્દીનની પણ સારી ભૂમિકા રહેશે. ગૌરી શિન્દેની ફિલ્મ ઈંગ્લિશ વિંગ્લિશમાં તે છેલ્લે નજરે પડી હતી. ત્યારબાદ તે કોઇ ફિલ્મમાં દેખાઇ ન હતી. હવે તે નવી ફિલ્મમાં કામ કરવા જઇ રહી છે. આ ફિલ્મનુ નામ હજુ સુધી જાહેર કરવામાં આવ્યુ નથી પરંતુ ટુંકમાં નામ જાહેર થશે

સેફ અલી વધારે ફિલ્મો નહી મળતા ચિંતિત નથી : રિપોર્ટ

મુંબઇ, બોલિવુડમાં લાંબા સમયથી હોવા છતાં ટોપ સ્ટાર તરીકે પ્રતિષ્ઠા નહી મેળવનાર સેફ અલી ખાન હાલમાં વધારે ફિલ્મો કરી રહ્યો નથી. તેની પાસે હાલમાં હાથમાં કંગના રાણાવત અને શાહિદ કપુર અભિનિતિ રંગુન ફિલ્મ હાથમાં છે. આ ઉપરાંત રેસની નવી ફિલ્મમાં તે કામ કરનાર છે. પરંતુ હજુ સુધી તેની અંતિમ તૈયારી હાથ ધરવામાં આવી નથી. તે પોતાની પાસે વધુ ફિલ્મ ન આવતા ચિંતિત પણ નથી. તે પોતાના બેનર હેઠળ સારી અને મોટી ફિલ્મો બનાવવા માટે આશાવાદી છે. તે ફિલ્મો મેળવવા માટે કોઇ વધારે પ્રયાસ કરી રહ્યો નથી. આડધડ ફિલ્મો પણ કરવા માટે તૈયાર નથી. સેફની રંગુન ફિલ્મનુ શુટિંગ પૂર્ણ કરવામાં આવ્યુ છે. આ ફિલ્મ યુદ્ધ પર આધારિત ફિલ્મ છે. અભિનેતા સેફ અલી ખાન પોતાની પત્નિ અને અભિનેત્રી કરીના કપુર સાથે હાલમાં વધારે સમય ગાળી રહ્યો છે. કરીના કપુર હાલમાં સગર્ભા છે. તે ટુંક સમયમાં બાળકને જન્મ આપનાર છે. સેફે કહ્યું છે કે તે એવી વ્યક્તિમાં સામેલ નથી જે પોતાની પત્નિ સાથે જ ભૂમિકા કરવા માટે ઉત્સુક રહે છે. જુદા જુદા રોલ કરવા માટે તે તૈયાર છે. કરીના સાથે કામ કરવાને લઈને તે વાંધો ધરાવતા નથી બલ્કે તે હાલમાં કોઇ ઉતાવળ નહી કરે. સેફ બોલિવુડમાં એકદમ એ કેટેગરીનો અભિનેતા નથી. તેની ફિલ્મ અન્ય ખાનની જેમ ધુમ મચાવી રહી નથી પરંતુ તેની ફિલ્મ સરેરાશ સાબિત થઇ રહી છે. સેફ અલી સાથે કરીના કપુર લાંબા સમય સુધી પ્રેમમાં રહી હતી અને ત્યારબાદ લગ્ન કરી લીધા હતા.

Edi:Mayur C. Bhatt, Printer & Publisher-Owner : Mayur C. Bhatt, Place of Pub: 277, Swatantra Senani Nagar,Subhanpura,Vadodara-23-Place of Printing : Mahadev Offset, B-4, Ravi Estate Rustam Mill Compound Dudheswar, Ahmedabad-19 Owner: Mayur C. Bhatt.

ઈરાક : આર્મીએ કરી યુદ્ધની તૈયારી તો ત્રાસવાદીઓ મરણીયા થયા

મોસુલ, આખી દુનિયા તેમના ડરથી જીવે તેવી ઈચ્છા ધરાવતાઁ જીના આતંકીઓનો ડર પણ હવે સામે આવી રહ્યો છે. આતંકીઓના ગઢ એવા ઈરાકના મોસુલમાં ચાલી રહેલી યુદ્ધની તૈયારીઓના કારણે અમુક આતંકીઓ મહિલાઓના કપડાં પહેરીને ભાગતા પકડાયા છે. ઈસ્લામિક સ્ટેટના વડા અબુ બકર અલ-બગદાદીએ આદેશ આપ્યો હતો કે આતંકીઓની પત્ની અને ગર્લફ્રેન્ડ્સને શહેરની બહાર મોકલી દેવામાં આવે. આ આદેશનો ફાયદો લઈને અમુક આતંકીઓ પણ મહિલાઓના કપડાં પહેરીને ભાગતા પકડાયા છે. બ્રિટિશ ન્યૂઝ પેપર અને સોશિયલ મીડિયા પર શેર કરવામાં આવેલી માહિતી પ્રમાણે, મહિલાઓના કપડાંમાંઁ જીના આ શંકાસ્પદ આતંકીઓને કુર્દિશ અને ઈરાકી આર્મી દ્વારા પકડવામાં આવ્યા છે. માનવામાં આવે છે કે, બગદાદી હજુ મોસુલની અંદર જ તેના કમાન્ડરો સાથે ફસાયેલા છે. ઈસ્લામિક સ્ટેટનાના સૌથી મોટા ફાઈટર્સ પણ આ સમયે બગદાદી પાસે જ છે. આતંકીઓ સામે જમીન પરનું યુદ્ધ શરૂ કરી દેવામાં આવ્યું છે. આ વિશે અમેરિકી સેનાના મેજર જનરલ ગૈરી વોલેસ્કીએ કહ્યું છે કે, ગુરુવારે થયેલા મોટા હુમલામાં ઈસ્લામિક સ્ટેટના ઘણાં કમાન્ડર તેમની જગ્યા છોડીને ભાગી રહ્યા છે. જોકે ભાગી રહેલા આતંકીઓ વિશે અમેરિકી સેનાથી લઈને ફ્રેન્ચના રાષ્ટ્રપતિએ ચિંતા વ્યક્ત કરી છે કે, જો તેઓ ભાગીને ફરીથી સીરિયા કે રક્કા પહોંચી જશે તો તેઓ ત્યાં હાજર આતંકીઓ સાથે મળીને ફરી એક નવુ ગ્રૂપ બનાવી શકે છે. આતંકીઓ સાથે લડી રહેલી સેનાનું પણ માનવું છે કે આગામી સમયમાં આ જંગ વધારે લોહિયાળ બની શકે છે. તે ઉપરાંત સમગ્ર મોસુલને આતંકવાદમાંથી મુક્ત કરવામાં હજુ થોડા મહિના થઈ શકે છે. માનવામાં આવે છે કે, ઈસ્લામિક સ્ટેટના અંદાજે ૮ હજાર આતંકીઓ મોસુલમાં છુપાયેલા છે.

છેલ્લા ચાર દિવસથી આઈએસ વિરુદ્ધ ઈરાકી, શિયા મિલિશિયા ગ્રૂપ, કુર્દિશના સૈનિકો અને નોટો ગ્રૂપની આર્મીએ છેલ્લા ૧૩ વર્ષની સરખામણીએ યુદ્ધની તૈયારીઓ વધારી દીધી છે. આ આર્મી આતંકીઓના ગઢથી માત્ર ૧૦ કિમી દૂર છે અને ખૂબ સાવચેતી સાથે આગળ વધી રહી છે. એક અંદાજ પ્રમાણે મોસુલમાં ૧૦ લાખ લોકો ફસાયા હોવાની શક્યતા છે. યુદ્ધની અમુક તસવીરો સામે આવી છે. તેમાં સ્પષ્ટ જોવા મળી રહ્યું છે કે, આતંકીઓ મોસુલ છોડીને ભાગી રહ્યા છે. નોંધનીય છે કે, ગુરુવાર સુધી ઈરાકી આર્મીએ મોસુલના ઈસ્ટ, સાઉથ અને સાઉથ-ઈસ્ટના વિસ્તારોના ૩૩થી વધારે ગામડાઓને આતંકીઓ પાસેથી છોડાવી લીધા છે. ઈરાકી આર્મીની સફળતા પછી અહીંના લોકો ઉજવણી કરતા જોવા મળ્યા છે. તેઓ જવાનોનો આભાર માની રહ્યા છે. મોસુલમાં રહેનાર લોકોનું કહેવું છે કે, ઈસ્લામિક સ્ટેટના આતંકીઓ સ્થાનિક પ્રજાને આગળ કરીને પોતાના બચાવનો પ્રયત્ન કરી રહ્યા છે. હવાઈ હુમલાથી બચવા માટે તેલના કુવાઓમાં આગ લગાવી દેવામાં આવી છે.

હવે ટ્રેનમાં ખાલી રહેલી રિઝર્વ સીટ ટીટીઈ કોઈને નહીં આપી શકે

ન્યુ દિલ્હી, ફરી એકવાર રેલવેએ પોતાના નિયમોમાં બદલાવ કર્યો છે જેમાં ટ્રેવલ ટિકિટ એક્ઝામિનર (ટીટીઈ) હવે પહેલાની જેમ ખાલી પડેલી સીટ અન્ય કોઈ મુસાફરને નહી આપી શકે. ટીટીઈ સાથે થતી પૈસાની લેવડદેવડ રોકવા અને ખોવાયેલો સામાન આસાનીથી શોધી શકાય તે માટે રેલવે દ્વારા આ પગલું ભરવામાં આવ્યું છે.

ઘણીવાર એવુ બનતુ હોય છે કે, જે લોકોની ટિકિટ વેઈટિંગમાં રહી જાય છે. તે ટીટીઈ પાસેથી ખાલી સીટની માહિતી મેળત્તી રિઝર્વેશન મેળવી લ્યે છે અને કેટલીકવાર ટીટીઈ સાથે પૈસાની લેવડદેવડ થઈ હોવાની ઘટના સામે આવે છે. જેથી રેલવેએ નિયમોમાં ફેરફાર કરી ટીટીઈ ખાલી સિટ કોઈને નહીં આપી શકે તેમ જણાવ્યું છે.

આ નિયમ આવતા ઓછા કવોટાવાળા સ્ટેશનથી યાત્રા કરનારા મુસાફરોને આસાનીથી સિટ મળી શકશે. વધુમાં રેલવે વિભાગે નિયમ સમજાવતા જણાવ્યું કે, જો કોઈ ટ્રેન દિલ્હીથી ઉપડતી હોય અને તેમાં ૧૦ રિઝર્વ સિટ ખાલી રહેલી હોય તો તે ટ્રેન રવાના થયા પહેલા આગળના સ્ટોપેજ માટે અનામત રાખવામાં આવશે અને ત્યાં પણ સીટ ખાલી રહે તો જ્યાં સુધી તમામ સીટ ભરાઈ ન જાય ત્યાં સુધી આ પ્રક્રિયા શ રહેશે. પરંતુ ટીટીઈ ટ્રેની અંદર ખાલી રહેલી સીટ કોઈને નહીં આપી શકે.

૨૦૧૬ કબડ્ડી વર્લ્ડ કપની શ્રેષ્ઠ ચાર ટીમો ફાઈનલ માટે સજ્જ

૨૦૧૬ના કબડ્ડી વર્લ્ડ કપના અંતિમ તબક્કા માટે સેમિ-ફાઈનલિસ્ટ ટીમો ભારત, ઈરાન, રીપબ્લિક ઓફ કોરીયા અને થાઈલેન્ડની ટીમો સજ્જ થઈ ગઈ છે. છેલ્લા ૧૩ દિવસ દરમિયાન ભારત, યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકા, ઈંગ્લેન્ડ, ઓસ્ટ્રેલિયા, ઈરાન, કેન્યા, પોલેન્ડ, થાઈલેન્ડ, બાંગ્લાદેશ, રીપબ્લિક ઓફ કોરીયા, જાપાન અને આર્જેન્ટિનાના ૧૫૦થી વધુ રમતવીરોએ શક્તિશાળી પ્રદર્શન કર્યું છે. આ ટુર્નામિન્ટના ગ્રુપ સ્ટેજમાં આપણે ઘણાં અવિસ્મરણીય પ્રદર્શનો, શ્રેષ્ઠ કમબેક્સ, મોટા અપસેટ્સ અને નવી પ્રતિભાઓને ઉભરતા જોઈ છે. હવે ગુજરાતના અમદાવાદ શહેરમાં ટ્રાન્સસ્ટેડિયા દ્વારા અરીના ખાતેના અંતિમ પુરસ્કાર માટે ચાર દેશો વચ્ચેની હરીફાઈમાં અભૂતપૂર્વ રોમાંચ જોવા મળશે.

આ ચાર ટીમો વચ્ચે ૨૧મી ઓક્ટોબર, ૨૦૧૬ના રોજ સેમિ-ફાઈનલ્સ યોજાઈ રહી છે અને પ્રત્યેક ટીમો તેમના બેજોડ અભિગમ સાથે મેદાનમાં ઉતરશે. ભારત તેની અનુભવી રેઈડ ટીમ અને શક્તિશાળી ડીફેન્સ સાથે થાઈલેન્ડ પર વર્ચસ્વ જમાવી શકે છે. ભારતે રીપબ્લિક ઓફ કોરીયા સામેની છેલ્લી ઘડીની હારથી ઉભરીને બાકીને તમામ ગ્રુપ સ્ટેજ મેચોમાં સરળતાપૂર્વક જીત હાંસલ કરી હતી. આ વખતે ભારતની કબડ્ડીની રમત ચાહકોને રોમાંચની અનુભૂતિ કરાવશે તેવી અપેક્ષા છે. ભારતની ટીમના કેપ્ટન અનુપ કુમારે નવા પડકારો માટે ટીમને ઘણી સજ્જ કરી દીધી છે.

ગુજરાતી ફિલ્મ શુટઆઉટમાં જોવા મળશે નારી શક્તિની અનોખી કહાની

અમદાવાદ, ગુજરાતી ફિલ્મોમાં એક નારી શક્તિ કહાની લઈને આવી રહી છે ફિલ્મ શુટઆઉટ. અત્યાર સુધી ગુજરાતી ફિલ્મોમાં કોમેડી અને ઈમોશનલ વિષય ઉપર ફિલ્મો બનતી રહી છે ત્યારે ડિરેક્ટર શેઈન લેઉવા ગુજરાતી ફિલ્મોમાં સ્ત્રી સંલગ્ન વિષય ઉપર બનેલી ફિલ્મ લઈને આવી રહ્યા છે. ફિલ્મ વિશે વાત કરીએતો ફિલ્મ રિલિઝ થવા જઈ રહી છે.ફિલ્મ એક ક્રાઈમ થ્રિલર છે જેમાં મુખ્ય પાત્રોમાં પ્રાંજલ ભટ્ટ , દિપ ધોળકીયા , ઉર્વશી સોલંકી જોવા મળશે.

ફિલ્મના મ્યુઝિકની વાત કરીએ તો ફિલ્મનુ મ્યુઝિક જાણિતા મ્યુઝિક ડાયરેક્ટર જતીન-પ્રતિકે આપ્યુ છે જ્યારે ફિલ્મના ગીતો બોલીવુડના જાણિતા પ્લેબેક સિંગર જાવેદ અલી , એશ્વર્યા મજુમદાર, રીતુ પાઠક , કનીકા પટવારી , મોનીમુને પોતાનો કંઠ આપ્યો છે. ફિલ્મના ગીતો ખુબ જ અલગ રીતે ગાવામાં આવ્યા છે જ્યારે તેના બોલ પણ ખુબ જ હ્રદય સ્પર્શી છે. ફિલ્મનુ શુટિંગ ગુજરાતના પાટનગર ગાંધીનગર તેમજ અમદાવાદના જાણિતા સ્થળો જેવા કે ગુજરાત કોલેજ , રિવરફ્રન્ટ ઉપર ફિલ્માવામાં આવ્યુ છે.

ક્રાઈમ , થ્રિલર , અને સ્ત્રી મનોબળ ઉપર આધારીત ફિલ્મ શુટઆઉટ તારીખ ૨૮ ઓક્ટોબર ના રોજ તમારા નજીકના સિનેમા ઘરોમાં રજુ થવા જઈ રહી છે તો જોવાનુ ચુકશો નહી.

હવા બદલો સાથે વધતા વાયુ પ્રદૂષણ સામે એક કદમ ગેઈલ દ્વારા સમર્થિત અભિયાન

૨૦૧૬માં એક નવું ઉભરતું ભારત જોવા મળ્યું અને તે આખરે ખરાબ હવાની સામે જાગૃતિ દાખવવા લાગ્યું છે. આ સાથે એ નિશ્ચિય કર્યો છે કે હવામાં પરિવર્તન લાવવું, જેમાં તેઓ રહે છે. હવા બદલો એ એક સામૂહિક પ્રયાસ વાયુ પ્રદૂષણ સામેનો છે. વધતા જતા વાયુ પ્રદૂષણ અંગે જાગૃતિ માટેના આ પ્રયાસ છે. વાયુ પ્રદૂષણના કારણે એર ક્વોલિટી ઈન્ડેક્સમાં જોખમી ઘટાડો જોવા મળ્યો છે. ત્યારે આવા કદમ જરૂરી છે. દેશની હવા શ્વાસમાં લેવા લાયક બનાવવા માટે આ કદમ ઈન્ડિપેન્ડન્ટ પીપલ્સ મૂવમેન્ટ દ્વારા લેવાયું છે જેથી યંગ ઈન્ડિયા માટે એક સાતત્યપૂર્ણ શુદ્ધ પર્યાવરણનું નિર્માણ કરી શકાય.

હવા બદલો અભિયાનમાં દિલ્હી શહેરથી તેની શરૂઆત કરવામાં આવી છે. જેથી દેશના અન્ય મેટ્રો શહેરો પણ આ રાષ્ટ્રીય ઉદાહરણને અનુસરે. આ મૂવમેન્ટનો હેતુ વાયુ પ્રદૂષણ સામે જાગૃતિ ફેલાવવાનો છે. વાયુ પ્રદૂષણ ભારતમાં સૌથી વધુ મૃત્યુનું પાંચમું કારણ છે. આ મૂવમેન્ટમાં વિવિધ પ્રવૃતિઓ પણ હાથ ધરવામાં આવી હતી જેમકે ગિફ્ટ અ માસ્ક અને હેલ્પ ધ વર્સ્ટ વિક્ટીમ્સ ઓફ એર પોલ્યુશનટ્રાફિક પોલીસ, રાવન કો રોકો અને મલ્ટીપલ વીડિયોઝનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ ઉપરાંત લોકોને ફોસિલ ફ્યુલ્સ અને એર ફ્રેન્ડલી હેબિટ્ જેમકે સીએનજી – ઈલેક્ટ્રીક વાહનનો ઉપયોગ અને પબ્લિક ટ્રાન્સપોર્ટનો ઉપયોગ માટે પ્રોતહિત કરવા જેવી પ્રવૃતિઓ યોજાઈ હતી. આ ઉપરાંત તેમાં ટાઈમ બોમ્બ શીર્ષક ધરાવતો વીડિયો દર્શાવાયો હતો, જેનો મૂળ વિચાર નિપૂણ અરોરાનો હતો. નિપૂણ અરોરાએ કહ્યું હતું,

દિવ્યા અગ્રવાલે ઈન્ડિયન પ્રિન્સેસ ૨૦૧૬નો ખિતાબ જીત્યો

ઈન્ડિયન પ્રિન્સેસ ૨૦૧૬ના ગ્રાન્ડ ફિનાલેમાં મુળ પંજાબની અને મુંબઇ માં સ્થાયી દિવ્યા અગ્રવાલે ખિતાબ પોતાના નામે કર્યો. પ્રતિયોગીતાની ફર્સ્ટ રનર અપ દમનપ્રીત કૌર અને સેકન્ડ રનરઅપ જસલીન કૌર આનંદ પણ સંયોગવશ પંજાબથી છે અને ૨૭ પ્રતિભાગીયો સાથે રંગારંગ ફેશન સમારોહમાં દર્શકોના દિલ જીતી લીધા.

કાર્યક્રમની શરુઆત હોસ્ટ મંદિરા બેદી એ કરી, પ્રતિયોગીતામાં જજ તરીકે અભિનેત્રી ડેઇઝી શાહ, રુચા મંજરી સિંહ, તારીક ચૌહાણ , સ્નેહપ્રિયા રોય અને સેલીબ્રિટી એસ્ટ્રોલોજર સંદીપ કોચરે પ્રતીભાગીઓની સ્પર્ધા કરી.

શ્રી સુનીલ રાણે , ચેરમેન ઈન્ડિયન પ્રિન્સેસ એન્ડ એક્ઝીક્યુટીવ પ્રેસિડન્ટ અથર્વ ગ્રુપ ઓફ ઈન્સ્ટીટયુટના કોન્સેપ્ટ અને નિર્દેશમાં આયોજીત ઈન્ડિયન પ્રિન્સેસ એક યુનિક બ્યુટી પ્લેઝન્ટ નો એવો મંચ છે જે યુવા છોકરીઓને આધુનિક ફેશન ની દુનિયામાં પોતાની પ્રતિભા ને સાબીત કરવાનો અવસર આપે છે.-

PRADIP OVERSEAS LIMITED
Regd. Office: 104, 105, 106, Chacharwadi, Vasna, Opp. Zydus Cadila,
Sarkhej Bavla Highway, Changodar, Ahmedabad – 382 213.
Tel No: +91 79-26560630 Fax No: +91 79-26420408
Emai: kaushik@pradipoverseas.com Website: www.pradipoverseas.com
CIN :- L17290GJ2005PLC046345

NOTICE

Notice is hereby given pursuant to Regulation 29 (1) (a) read with Regulation 47 of the SEBI (Listing obligation and Disclosure Requirement s) Regulations, 2015 that a meeting of the Board of Directors of the Company will be held on Thursday, 10th November, 2016 at 1.00 p.m. at the Corporate Office of the Company at A/601, Narnarayan Complex, Nr. Swastik Cross Road, Navrangpura, Ahmedabad – 380 009, inter alia to consider and approve unudited Financial Results of the Company for the quarter and half year ended 30th September, 2016.
The said notice may be accessed on the Company's website at http://www.pradipoverseas.com and also on the website of the stock exchange(s) at http://www.bseindia.com and http://www.nseindia.com

For, **PRADIP OVERSEAS LIMITED**
Sd/-
(PRADIP J. KARIA)
MANAGING DIRECTOR - DIN:- 00123748

Place : Ahmedabad
Date: 21st October, 2016

જાહેર નોટીસ

અહીં ગ્રાહકોને જાણકારી આપવામાં આવે છે કે નીચે જણાવેલીમાંથી કેટલીક કે બધી ચેનલો જેના નામ સીએનબીસી-ટીવી૧૮, સીએનબીસી-અવાજ, સીએનએન-આઈબીએન, આઈબીએન૭, સીએનબીસી બજાર, સીએનબીસી-ટીવી-૧૮ પ્રાઈમ એચડી, હિસ્ટ્રી ટીવી ૧૮, હિસ્ટ્રી ટીવી ૧૮ એચડી, આઈબીએન લોકમત, કલર્સ, એમટીવી, એમટીવી ઈન્ડીઝ, રિશ્તે, નીક, વીએચ-૧, સોનીક, કોમેડી સેન્ટ્રલ એચડી, નીક જુ./ટીન નીક, કલર્સ એચડી, એમટીવી ઈન્ડીઝ એચડી, કલર્સ ઈન્ફીનીટી અને કલર્સ ઈન્ફીનીટી, કલર્સ ગુજરાતી, કલર્સ મરાઠી, કલર્સ બંગલા, કલર્સ કન્નડ, કલર્સ ઓડીયા, ઈટીવી ઉત્તર પ્રદેશ ઉત્તરાંચલ, ઈટીવી એમપી છત્તીસગઢ, ઈટીવી રાજસ્થાન, ઈટીવી ઉર્દુ, ઈટીવી બિહાર ઝારખંડ, ઈટીવી ન્યુઝ કન્નડ, ઈટીવી ન્યુઝ બંગલા, ઈટીવી હરીયાણા, ઈટીવી ન્યુઝ ગુજરાતી,ઈ-ટીવી ન્યુઝ ઓરિયા, કલર્સ મરાઠી એચડી, રિશ્તે સીનેપ્લેક્સ અનને એક્સ ઝોન ના સિગ્નલ નીચે જણાવેલ મલ્ટી સિસ્ટમ ઓપરેટર(રો)(એમએસઓએસ) / કેબલ ઓપરેટર (રો)નો ત્રણ અઠવાડિયા પછી તેમનું જોડાણ રદ થઈ શકે છે.:-

ક્રમ નં.	મલ્ટી સિસ્ટમ ઓપરેટરોના નામ	ડીએએસ નોટીફાઈડ એરિયા	જોડાણ રદ થવાનો કારણ
૧	ગીતાંજલી સેટેલાઈટ સર્વિસ	કચ્છ	નોન રિન્યુઅલ એન્ડ નોન પેમેન્ટ

બધા વિસ્તારની સેવા ઉપરોક્ત પાર્ટીઓ દ્વારા પ્રભાવિત થઈ શકે છે.

ટીવી૧૮ બ્રોડકાસ્ટ લીમીટેડ માટે અને તેના વતી પ્રકાશિત
દ્વારા : ઈન્ડિયા કાસ્ટ ડિસ્ટ્રીબ્યુટશન પ્રાઈવેટ લીમીટેડ
૭૦૩, ૭મો માળ, એચડીઆઈએલ કાલેડોનીયા, વિજય નગર સામે, સહાર રોડ,
અંધેરી (પૂર્વ), મુંબઈ - ૪૦૦ ૦૬૯

ઈન્ફયુઝન થેરપી થી હોસ્પીટલમાંથી લાગતા ઈન્ફેકશનમાં ધટાડો લાવી શકાય

અમદાવાદ એવા શહેરોમાંનું એક છે જેમને દર્દીઓને હોસ્પીટલમાંથી, ખાસ કરીને આઈસીયુ અને સીસીયુ માં લાગતા ઈન્ફેશન સામે સુરક્ષિત ઈન્ફયુઝન થેરપી સીસ્ટમ અપનાવી છે.

ડો. મોહમદફારૂક એચ. મેમણ, કન્સલ્ટન્ટ ઈન્ટેન્સીવીસ્ટ અને રાજસ્થાન હોસ્પિટલ ખાતે સીસીયુ ના ઈન્ચાર્જ તથા સિદ્ધિ વિનાયક હોસ્પિટલ મણીનગર ખાતે આઈસીયુ એ જણાવ્યુ કે , મેડીકલ ક્ષેત્રમાં દર્દીઓની સુરક્ષા મહત્વની છે. મેડીકલમાં એક મહત્વની ચિંતા હોસ્પિટલ માંથી લાગતું ઈન્ફેકશન છે. ધણા રીપોર્ટ માં દર્શાવાયું છે કે રોકી શકાય તેવી મેડીકલ ભલો પર ધ્યાન કેન્દ્રિત કરી ખાસ કરીને જ્યારે દર્દી હોસ્પિટલ માં હોય ત્યારે દર્દીમાટે સુરક્ષિત તંત્ર ખુબ જરૂરી છે.

ઈન્ફયુઝન થેરપી માટે મોટેભાગે પ્લાસ્ટિક કે ગ્લાસ બોટલ વપરાય છે. સામાન્ય રીતે નર્સ પ્લાસ્ટિક બોટલમાં સોય ભરાવે છે કે કે કાચની બોટલ માં આઈ વી સેટ માં હવા બહાર આવવા દે છે જેથી પ્રવાહી દર્દીના શરીરમાં જાય જેને લીધે સુક્ષ્મ જીવાણુંઓ બોટલ માં જાય છે અને તેના થકી દર્દીને ગંભીર ઈન્ફેકશન પણ થઈ શકે છે.

ડો. મેનને ઉમેર્યુ કે બોટલ દ્વારા શરીર માં લાગતા આવા પ્રકારના ઈન્ફેકશન ને રોકવા માટે કેટલીએ સંસ્થાઓ અને હોસ્પીટલે આઈવી સોલ્યુશન માટે નવી જર્મન ટેકનોલોજીનો ઉપયોગ શરુ કયો છે. આ નવા પ્રકારના આઈવી કન્ટેનર ખુબ જ એડવાન્સ હોય છે જેમાં પ્રવાહી ને પસાર થવા માટે સોય ભોકવાની જરૂર રહેતી નથી ાને દર્દીની ઉચ્ચ કક્ષા ની સુરક્ષિતતાની ખાતરી રહે છે.

આ કલોઝ ઈન્ફયુઝન સીસ્ટમમાં વેન્ટીગ જરૂરી નથી જે ખાલી થાય ત્યારે સંપૂર્ણ થઇ જાય છે.-

માઈક્રોસોફ્ટ ભારતમાં સાઈબર સિક્યુરિટી ઈન્વેસ્ટમેન્ટ વધારી રહ્યું છે

નવી દિલ્હી, એક વર્ષ લાંબા સફળતાપૂર્વકના પ્રયોગ બાદ, માઈક્રોસોફ્ટ ઈન્ડિયા આજે દેશમાં રજૂ કરે છે, તેની પ્રથમ સંપૂર્ણ-સ્કેલ પર કાર્યરત સાયબર સિક્યુરિટી એન્ગેજમેન્ટ સેન્ટર (સીએસઈસી). દિલ્હી સ્થિત, ભારતમાં આ પ્રકારનું આ પ્રથમ સેન્ટર છે, જે માઈક્રોસોફ્ટની ક્ષમતાને સાથે મળીને જાહેર અને ખાનગી ક્ષેત્રની સંસ્થાઓની સાથે જોડાણ કરીને સાયબર સિક્યુરિટીને વધું ઊંડાણપૂર્વક પૂરી પાડવામાં આવશે અને એક વિશ્વાસનિય તથા સલામત કમ્પ્યુટિંગ વાતાવરણ ઉભું કરશે, તેનાથી ભારતને ડિઝિટલ ટ્રાન્સફોર્મેશન માટે નિર્ણાયક રીતે સક્ષમ બનાવી શકાય. સમગ્ર વિશ્વમાં માઈક્રોસોફ્ટનું આ સાતમું સાયબર સિક્યુરિટી સેન્ટર છે અને તે સંપૂર્ણપણે કંપનીના રેડમોન્ડ ડિઝિટલ ક્રાઈમ્સ યુનિટ (ડીસીયુ) સેટેલાઈટથી કાર્યરત છે. કંપની દ્વારા ભારતની સંસ્થામાં સાયબર સિક્યુરિટી અંગે જાગૃતતા વધે એ માટે રાષ્ટ્રવ્યાપી કેમ્પેઈન રજૂ કરવામાં આવ્યું છે.

દેશમાં આ સાયબર સિક્યુરિટી રોકાણની જાહેરાત કરતાં, માઈક્રોસોફ્ટ ઈન્ડિયાના ચેરમેન, ભાસ્કર પ્રમાણિક જણાવે છે, “માઈક્રોસોફ્ટ ખાતે અમે જે કંઈપણ કરીએ છીએ, તેના પાયામાં વિશ્વાસ અને સુરક્ષાને મુખ્ય સ્થાન આપીએ છીએ. ભારત આજે એક ઉત્તેજિત શરૂઆત પર ઉભાં છે, કારણકે અમે મોબાઈલ અને ક્લાઉડ કમ્પ્યુટિંગની શક્તિને સમાવીએ છીએ. (૭-૪)

PUBLIC NOTICE

Notice is hereby given that the following sub-broker/s is/are no longer affiliated as sub-broker/s of **M/s. Kisan Ratilal Choksey Shares and Securities Pvt.Ltd. & SEBI Reg.No. BSE - INB 010975834 / NSE - INB230975832** trading member of Bombay Stock Exchange Ltd. & National Stock Exchange Ltd. having the registered office at **1102, Stock Exchange Tower, Dalal Street, Fort, Mumbai 400001**. Any person henceforth dealing with below mentioned sub-broker/s should do so at their own risk. **M/s. Kisan Ratilal Choksey Shares and Securities Pvt.Ltd.** shall not be liable for any dealings with them.

Name of the Sub-Broker	Reg. Office Address	SEBI Regn.No.	Reg. Date	Exchange
SWEETY DHAVAL DESAI	326-3 RD FLOOR, BELGIUM TOWER, DELHI GATE, STATION ROAD, SURAT-395003, GUJARAT	INS013650911	23-04-2007	BSE
		INS233662514	24-04-2007	NSE

By Order of Director
For. **M/s. Kisan Ratilal Choksey Shares and Securities Pvt.Ltd**
Mr. Rajiv Choksey

KEMISTAR CORPORATION LIMITED
604, MANAS, NEAR JODHPUR CROSS ROAD,
SATELLITE, AHMEDABAD, GJ. 380015
CIN: L24233GJ1994PLC022845
Email: kemistarbse@gmail.com Web: www.kemistar.in

NOTICE

Notice is hereby given Pursuant to Regulation 29 read with Regulation 47 of the SEBI (listing Obligations and Disclosure Requirements) Regulations, 2015, that the Meeting of the Board of Directors of the company will be held on Saturday, 29th October, 2016 at 11:00 a.m at the registered office of the Company, interalia, to consider & approve unaudited financial Result for the Quarter & half year ended on 30th September, 2016.

For Kemistar Corporation Limited
Sd/-
Managing Director

Place: Ahmedabad
Date: 22/10/2016

સૂચના

કૃપા કરી આપની જાહેરખબર
તથા સમાચાર અમારા
નિમ્નલિખિત
ઈ-મેલ પર જ મોકલશો :
lokmitra1948@gmail.com